સમુલ્લાસ

[૧૯]

'સત્યં શિવં સુન્દરમ્'ના મથાળાથી પ્રસિદ્ધિ પામતો પ્રસ્તુત લેખસંગ્રહ મારા માટે છેક અપરિચિત તો નથી જ. આ સંગ્રહમાં આવેલા ૩૮ લેખો પૈકી લગભગ ૬ જ હું પહેલી વાર સાંભળું છું. ૧. વર્ણસંકર, ૨. જૈન ધર્મમાં સ્ત્રીઓને સ્થાન, ૩. મીનાક્ષીમન્દિર, ૪. ત્રિસ્તની મીનાક્ષી, ૫. એક અજાણ્યાનું અવસાન અને ૬. તુળજારામ ઠાકર—આ ૭ લેખો સાંભળ્યાનુ સ્પષ્ટ સ્મરણ નથી. બાકીના દરેકનું ચિત્ર તો આ લેખસંગ્રહ સાંભળવા બેઠો ત્યારે મનમાં સ્પષ્ટ હતું. તેમ છતાં જુદે જુદે સમયે અને લાંબે ગાળે પ્રસિદ્ધ થયેલા અને તે જ રીતે ભિન્ન ભિન્ન સમયે ક્યારેક ઉતાવળથી તો ક્યારેક વચ્ચે આવી પડતાં વિઘ્નોમાં સાંભળ્યા હોય તે લેખોનો સંસ્કાર જુદો હોય છે; અને તે જ બધા લેખો એકસામટા તેમ જ નિરાંતે સાંભળીએ અને તે પણ તેમાંથી કાંઈક તારણ કરવાની તેમ જ તેનું મૂલ્યાંકન કરવાની દૃષ્ટિએ સાંભળીએ, ત્યારે તેનો સંસ્કાર જુદો પડે છે. ભિન્ન ભિન્ન સમયે પડેલા ત્રુટક સંસ્કારોનું સંકલન કરી મૂલ્યાંકન કરવું તે એક બાબત છે અને એક સાથે સ્વસ્થપણે કાંઈક લખવું, એ દૃષ્ટિએ સાંભળી તેનું મૂલ્યાંકન કરવું એ બીજી બાબત છે. આવા ગંભીર અને વિચારપૂત લેખો વિશે કાંઈ પણ લખવું હોય તો સળંગસૂત્રે પડેલ સંસ્કારોના આધારે જ લખવું એ ઉભય પક્ષને ન્યાય આપનારું છે, એવી માન્યતાથી પ્રેરાઈ હું આખો લેખસંગ્રહ સાંભળી ગયો. જે જે લેખો પહેલાં સાંભળેલા તેમાં પણ ફરી સાંભળતાં મને કશો જ કંટાળો આવ્યો નહિ. એક ક્ષણ માટે પણ એમ ન થયું કે આ તો સાંભળેલ છે, ચાલો આગળ. ઊલટું, પ્રત્યેક લેખ સાંભળતી વખતે મનમાં લેખક અંગે, પ્રતિપાદ્ય વિષય અંગે અને લેખના અધિકારી સમાજ અંગે અનેક વિચારો આવી ગયા. તેની ટૂંકી નોંધ આપવી ઇષ્ટ હોય તોય શક્ય નથી. તેમ છતાં એ વિચારોમાંથી કાંઈક અત્રે નોંધવા ધારું છું. લેખો સાંભળતાં અને વિચારો ઊભરાતાં મનમાં એક સાત્ત્વિક ઉલ્લાસ પ્રકટેલો, તેથી મેં મારા આ લખાણને 'સમુલ્લાસ' શીર્ષક આપ્યું લે.

'કુમાર', 'પ્રસ્થાન' અને 'મહિલાસમાજ'માં પ્રસિદ્ધ થયેલ ચારેક લેખોને બાદ કરતાં લગભગ બધા જ લેખો જૈન સમાજ સાથે સંબંધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધરાવતા કોઈ ને કોઈ પત્રમાં પ્રસિદ્ધ થયેલા છે. તેમાંથી પણ મોટો ભાગ 'પ્રબુદ્ધ જૈન'માં પ્રસિદ્ધ થયેલો છે તેથી, અને લેખક જન્મે જૈન છે અને ઘણી બાબતો એમણે જૈન સમાજને ઉદ્દેશી ચર્ચી છે તેથી, સ્થૂલ રીતે વિચાર કરનાર અને વાંચનાર વર્ગને એમ લાગવાનો ચોક્કસ સંભવ છે કે પ્રસ્તુત લેખસંગ્રહ તો જૈન પરંપરા સાથે જ સંબંધ ધરાવે છે અને લેખક જૈન પરંપરાની પરિધિમાં જ વિચાર કરતા હશે. પરંતુ જેઓ પ્રસ્તુત લેખોના લેખકના માનસને ઠીક ઠીક પિછાણે છે અને જેમણે જાણ્યે કે અજાણ્યે તેમનો કોઈ પણ લેખ વાંચ્યો હશે તેમને એ કહેવાની જરૂર જ નથી કે પરમાનંદભાઈ નાના કે મોટા કોઈ પણ વર્તુલમાં કામ કરતા હોય ત્યારે કદી સંકુચિત દૃષ્ટિથી કે સાંપ્રદાયિક દૃષ્ટિથી નથી વિચારતા કે નથી લખતા. એમણે જ્યાં જ્યાં જૈન સમાજને ઉદ્દેશી કે તેની સાથે સંબંધ ધરાવનાર પ્રશ્નોને લક્ષીને લખ્યું છે ત્યાં પણ તેમનો માપદંડ માત્ર સત્યલક્ષી અને માનવતાવાદી જ રહ્યો છે. કોઈ એક મુસલમાન કે ખ્રિસ્તી પોતાના કાર્યક્ષેત્રને અનુસરી ઇસ્લામ કે ખ્રિસ્તીધર્મને ઉદ્દેશીને અને છતાં સંપૂર્ણ માનવતાસ્પર્શી લખે, વિચારે કે કામ કરે એને જો એ પરંપરા સિવાયના લોકો ઇતર પરંપરાનું કાર્ય લેખી તે વિશે બેપરવા રહે તો એમાં એમને જ ગુમાવવાનું છે. અલબત્ત, વિચારશીલ વાચકોને ફાળે એટલું કરવાનું તો બાકી રહે જ છે કે જ્યાં જ્યાં માનવતાની દૃષ્ટિએ અને માત્ર સત્યલક્ષી દૃષ્ટિએ લેખકે વિચાર્યું કે લખ્યું હોય અને છતાં તેમાં કોઈ એક પરંપરા કે વર્ગને ઉદ્દેશીને જ કહેવાયું હોય ત્યાં ત્યાં એ બધાંમાંથી પરંપરાવિશેષ અને સમાજવિશેષનું નામ ગાળી તે પાછળ રહેલ લેખકની વ્યાપક દૃષ્ટિને જ પકડવી. છેવટે તો કોઈ પણ લેખક કે વિચારક અમુક પરિસ્થિતિ અને અમુક વર્તુલને લક્ષમાં રાખીને જ લખતો કે વિચારતો હોય છે. એટલે વાચક માટે જોવાનું એ બાકી રહે છે કે તેનું લખાણ કઈ દૃષ્ટિથી પ્રેરાયેલું છે. જો એને લખાણની પ્રેરક દૃષ્ટિ વ્યાપક અને માત્ર સત્યલક્ષી લાગે તો પછી એને માટે એ લખાણ વાચનક્ષમ અને વિચારક્ષમ બને છે. હું પોતે પરમાનંદભાઈનાં સંપ્રદાય, પંથ કે સમાજના ઉદ્દેશથી લખાયેલાં પહેલેથી આજ સુધીનાં બધાં લખાણોને એ જ કસોટીથી જોતો આવ્યો છું અને મારી ખાતરી થઈ છે કે તેમનાં એ બધાં લખાણો ગમે તે પંથ, નાત કે સમાજને સમાન પ્રશ્નો પરત્વે એકસરખા લાગુ પડે છે. તેથી સૂચવવાનું પ્રાપ્ત એ થાય છે કે જેમ કોઈ પણ સાંપ્રદાયિક જૈન એમનાં લખાણોને માત્ર જૈનલક્ષી માનવાની ભૂલ ન કરે તેમ જૈનેતરો પણ એવી ભૂલ ન કરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લેખસંગ્રહ પાંચ ભાગમાં વહેંચાયેલો છે : સમાજદર્શન, તત્ત્વચર્ચા, ઋતુ-વર્ણન, પ્રવાસવર્ણન અને વ્યક્તિપરિચય. આ પાંચ વિભાગોમાં સમાતા લેખોનું હાર્દ વિચારતાં એમ કહેવું પ્રાપ્ત થાય છે કે લેખકનું માનસિક વલણ જ એવું છે કે તે જડ–ચેતન, સ્થૂળ–સૂક્ષ્મ, વ્યવહાર–પરમાર્થ, વ્યક્તિ–સમાજ આદિ અનેક વિષયોને લગતી વિવિધ બાબતો અને વિગતોને સ્પર્શે છે; પણ તે કુતૂહલપૂર્ણ જિજ્ઞાસાથી અને કાંઈક નક્કર સત્ય તારવી આપવાની ધગશથી જ. તેથી જ દરેક મુખ્ય વક્તવ્યમાં વિશાળતા સાથે તલસ્પર્શી ઊંડાણ પણ નજરે પડે છે. લેખકનો ગુજરાતી ભાષા ઉપરનો કાબૂ તો અદ્ભુત છે. પ્રત્યેક લખાણમાં ભાષાનું એકસરખું ધોરણ નજરે પડે છે. આવી શિષ્ટ, સુપ્રસન્ન અને વેગીલી ભાષા એ જેવી તેવી સિદ્ધિ નથી. લેખનો વિષય સૂક્ષ્મ અને સૂક્ષ્મતર હોય ત્યાં પણ ભાષા અને શૈલી વાચકને વિચાર–વિહાર સાથે સાહિત્ય–વિહાર પણ કરાવે છે. 'ઋતુવર્ણન'નો આખો વિભાગ લોકભાષામાં એક નવું પ્રકરણ ઉમેરતો હોય તેમ લાગે છે. સંસ્કૃત, પ્રાકૃત આદિ ભાષાઓમાં ગ્રથિત એવાં ઋતુઓને લગતાં ગદ્ય–પદ્ય વર્ણનો અનેક છે. એ વર્ણનોમાં અમુક માદકતા પણ હોય છે, પરંતુ પ્રસ્તુત 'ઋતુવર્ણન' જુદી જ ભૂમિકા ઉપરથી પ્રસવ પામ્યું છે, એમ કોઈ પણ વાચકને લાગ્યા વિના નહિ રહે. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પ્રાધ્યાપકો સુધ્ધાંને આ 'ઋતુવર્ણન' વાંચ્યા પછી કોઈ ઋતુમાં કંટાળો નહિ આવે. દરેક ઋતુની વિશેષતા ધ્યાનમાં આવવા સાથે વાચકને પ્રકૃતિસ્વરૂપ સાથે તાદાત્મ્ય અનુભવવાનો નાદ લાગવાનો. શરદ, વર્ષા અને બહુ તો વસંતનું વર્ણન સૌને રુચે, પણ આજ લગી ધગધગતો ઉનાળો કોને રુચ્યો છે? જ્યારે આ લેખકે ઉનાળામાં પણ સાચો આનંદ માણ્યો છે અને એ જ આનંદના સંવેદનમાંથી ઉનાળાનું ગદ્યકાવ્ય સરી પડ્યું છે. શિયાળાની કડકડતી ટાઢની ખુમારી લેખકે જે અનુભવી છે તે બીજાઓ પણ અનુભવી શકે. પરંતુ તે ક્યારે? જો પ્રકૃતિના એ શીતલ પાસા પ્રત્યે તદ્દન સાહજિક સમભાવ હોય તો જ. લેખકે જુદી જુદી ઋતુઓનાં અનુભવેલ પાસાંઓને કળામય રીતે રજૂ કરી પ્રકૃતિના ગમે તે સ્વરૂપમાંથી પણ સુખ મેળવવાની કળા–ઇન્દ્રિય જાગ્રત કરી છે. મને એમ લાગે છે કે 'ઋતુવર્ણન'નો આખો વિભાગ અભ્યાસક્રમના ઊંચા ધોરણમાં રાખવા જેવો છે, અગર તો વિદ્યાર્થી-ઓને વાંચવાની ખાસ ભલામણ કરવા જેવો છે.

'પ્રવાસવર્ણન'માં કુલે સાત લેખો છે. દરેકને પોતપોતાની આગવી વિશેષતા છે. ગોપનાથનો કિનારો, સમુદ્ર, તોફાની પવન, એકાન્ત શાન્તિ એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બધાંના સંવાદમાંથી લેખકના માનસમાં આવિર્ભાવ પામેલું ઊંડું ચિન્તન અને સ્વારસ્થ—એ બધું વાંચ્યા પછી મારા જેવાને પણ થઈ આવે છે કે એક વાર તો ગોપનાથ જઈએ. વ્યોમવિહાર એ તો સ્વાનુભવ છતાં લેખકે એને અપૂર્વરંગ કહ્યો છે, કારણ કે એ વ્યોમવિહાર દ્વારા લેખક દિવ્યતાના વ્યોમમાં વિચરવા મથે છે. માનવદેહ સાથે લાધેલી અનન્યસુલભ શક્તિઓનું ભાન થતાં લેખક એના રસોન્માદમાં કોઈ કલ્પના અને ચિંતનગમ્ય વ્યોમમાં વિહાર કરે છે. જો લેખકમાં કળા, વિજ્ઞાન, સાહિત્ય, ભૌતિક વિદ્યા, પ્રેમ, સેવા, તત્ત્વજ્ઞાન આદિના સંસ્કારો એકરસે રસાયા ન હોત તો સ્થૂળ વ્યોમવિહારમાંથી 'અપૂર્વરંગ' સૂઝત નહિ. મશરૂવાળાને ઊધઈનું જીવન લખતાં કોઈ નવી જ જીવ–પરમાત્મસૃષ્ટિ દેખાઈ છે, તેમ અહીં 'અપૂર્વરંગ' માં છે. જે લોકો માત્ર ચાલુ જીવનમાં જ ગોથાં ખાતાં હોય તેઓને નવો રસ માણવા માટે આ 'વ્યોમ-વિહાર' ઉપયોગી છે. નાસિકવાળા લેખમાં બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન ત્રણેય પરંપરાના ઇતિહાસની ઝાંખી તો છે જ, પણ એમાં ગોદાવરી, ત્ર્યંબક, ગજપંથા, પાંડવગુફા વગેરેનાં જે સંવેદનપૂર્ણ શબ્દચિત્રો છે, જ્ઞાન અને ભક્તિનું એમાં જે સમ્મિશ્રણ છે તેમ જ સાદી, વીતરાગ જૈન મૂર્તિને અસંગત એવી આડંબરી પ્રથાની જે ગ્રંથિભેદપોષક તટસ્થ પર્યાલોચના છે તે બધું કોઈ પણ તીર્થના યાત્રીને કઈ કઈ દૃષ્ટિએ યાત્રા કરવી અને તેમાંથી જ્ઞાન અને વિવેક કેવી રીતે કેળવવાં એનો પાઠ શીખવે છે. એક્કાવાળાએ આપેલ દ્રાક્ષનો ઝૂમખો એ માનવતાની દીવાદાંડી છે. તથાગત બુદ્ધ થયા અને છતાં તે જ માટીના બનેલ આપણે અબુધ રહ્યા એ કથનમાં લેખકનું ઊંડું આત્મનિરીક્ષણ છે.

ગોપનાથનું વર્ણન વાંચતાં વાચક અનુભવે છે કે જાણે હું દરિયાકિનારે જ હોઉં. વ્યોમવિહાર સાંભળતાં વ્યોમમાં વિહરવાનું ભાન થાય છે. ગિરનારનું વર્ણન ગિરનારમાં દેખાતાં દૃશ્યો વાચક સમક્ષ ઉપસ્થિત કરે છે. સ્થૂળ દૃશ્યો, સૂક્ષ્મ સંવેદનો અને તત્ત્વચિંતન આદિની અનેક કણિકાઓ—એ બધાંમાંથી લેખક સપ્તરંગી મેઘધનુની છટા ઊભી કરે છે. આમાં ઘણી સૂક્તિઓ પણ આવે છે. ભૌતિક સમૃદ્ધિની વિવિધતા, વનસ્પતિ અને પશુપક્ષીની વિવિધતા, પ્રકૃતિરચનાની વિવિધતા, ધર્મપરંપરાઓ અને ધર્મસ્થાનોની વિવિધતા, સાધુસંતોની વિવિધતા અને ઐતિહાસિક બનાવોની વિવિધતા—બધી વિવિધતાઓ વચ્ચે ગિરનાર તો કૂટસ્થ! પરંતુ Life Divineની વિવિધતા અને તેમાંની એકતા એ સૌમાં ચડે. લેખકે કેટલા સંસ્કાર ઝીલ્યા છે અને કેટલા વિકસાવ્યા છે, એ આ લેખમાં જોવા મળે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે ભીમદેવ પ્રભાસપાટણનો ઉદ્ધાર કરે છે લગભગ તે જ અરસામાં તેનો મંત્રી વિમળશાહ આબુકુંભારિયામાં મંદિરો બંધાવે છે. પથ્થર અને આરસપહાણની શિલ્પકૃતિઓ શરૂ થાય છે. કૃષ્ણ જેવા લોકોત્તર પુરુષનો પ્રભાસપાટણમાં થયેલો કરુણાંત દિલ્હીમાં ગાંધીજીના કિસ્સાની અને જેરૂસ-લેમમાં ક્રાઇસ્ટના કિસ્સાની યાદ આપે છે. મહમ્મદ પેગંબરે દરેક ધર્મ અને તીર્થને આદર આપવા ફરમાવ્યું છે. પોતે તો આખી જિંદગી એ રીતે વર્ત્યા છે, પણ આરબ કબીલાઓની વારસાગત દંભવૃત્તિ ધર્મની બાબતમાં ચાલુ રહી અને પછીનો ઇસ્લામ જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં પેગંબરના ફરમાનથી ઊલટું જ કર્યું. એની છાપ સોમનાથ ઉપર છે. હિંદુ–માનસ આમ તો તત્ત્વચિંતનમાં દીર્ઘદૃષ્ટિ ધરાવે છે, પણ વ્યવહારમાં સમર્થ સામે ટકવા જેટલું સંગઠન તેણે ન સાધ્યું તે ન જ સાધ્યું. નહિ તો છેલ્લાં વર્ષોમાં નવાબનું શું ગજું? જૈનો તેથીય વધારે નબળા. કોઈ બીજો રક્ષે તો સ્ત્રી પેઠે રક્ષાય, નહિ તો હણાય! સોમનાથની પેઠે માંગરોળમાં પણ એક બહુ મોટી અને ભવ્ય મસ્જિદ છે, જે જૈન મંદિરનું રૂપાન્તર છે. જૈન–અજૈન હજુ પૂર્ણ એકરસ નથી થતા. શ્રી. મુનશીજીએ જૂના અવશેષો નિર્મૂળ કર્યા એ પણ એક કાળની ગતિ!

મીનાક્ષીમંદિરવાળા લેખમાં દક્ષિણ, ઉત્તર, પૂર્વ અને પશ્ચિમનાં તીર્થોની તુલના છે, જે એ તીર્થોની વિવિધતાનો ખ્યાલ પૂરો પાડે છે. શિવ અને પાર્વતીનું મહત્ત્વ, આલિખિત પુરાણકથાઓ, નાનાવિધ કોતરકામો, જળાશય, દીપમાળ, ગર્ભમંદિરની સંકડાશ, વહેમો, ભક્તિ, પ્રાંગણમાં ભરાતાં બજારો, રંગબેરંગી પોશાકવાળો નારીવર્ગ વગેરે મદુરાના મીનાક્ષીમંદિરની જેમ અન્ય તીર્થોમાં પણ દેખાય છે. બોરોબુદુર (ઇન્ડોનેશિયા) વગેરેનાં મંદિરો અને શિલ્પો એ દક્ષિણ જેવાં જ વિશાળ છે. કદાચ ઉત્તરમાં વિદેશી આક્રમણોને લીધે મંદિરો મોટાં ન રચાયાં હોય. જેમ બ્રાહ્મ જેવા સમાજો હિંદુ સમાજ-માંથી મૂર્તિ ફેંકાવી ન શક્યા તેમ સ્થાનકવાસી આદિ સમાજો જૈન સમાજ-માંથી પણ કરી ન શક્યા. મૂર્તિ એ નેત્રગમ્ય પણ રમ્ય અને ધ્યાન ખેંચે તેવી વસ્તુ છે. મીનાક્ષીમંદિરના વિવિધ પાસાંવાળા દર્શને લેખમાં જે ઉઠાવદાર આકાર ધારણ કર્યો છે તે લેખકની સ્મૃતિ અને એકાગ્રતાનો સંવાદી નમૂનો છે.

ત્રિસ્તની મીનાક્ષીવાળા લેખમાં લેખકે મીનાક્ષીના ત્રીજા સ્તનની અને મહા-દેવના ત્રીજા નેત્રની પૌરાણિક આખ્યાયિકા આપીને પોતે ત્રીજા સ્તન અને ત્રીજા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નેત્રનો આધ્યાત્મિક અર્થ પણ તારવ્યો છે. તે એ છે કે ત્રીજું સ્તન એટલે પ્રેમપૂર્તિ માતૃહૃદય અને ત્રીજું નેત્ર એટલે યોગીનું દિવ્યજ્ઞાન. મીનાક્ષી અને મહાદેવનું મિલન એટલે પ્રેમ અને જ્ઞાનનું મિલન. આ આધ્યાત્મિક અર્થ સુસંગત છે. પરંતુ એ લેખ વાંચતાં મને જે બીજો વિચાર સ્ફુર્યો છે તે પણ અહીં લખી દેવો ઠીક લાગે છે. ખરી રીતે મીનાક્ષી એ ત્રિગુણાત્મિકા પ્રકૃતિ છે. દુનિયાની સ્ત્રીપ્રકૃતિ દ્વિસ્તની છે, જ્યારે લોકોત્તર પ્રકૃતિ ત્રિસ્તની છે. સાધારણ પુરુષ દ્વિચક્ષુ છે, જ્યારે લોકોત્તર પુરુષ–મહાદેવ–તૃતીય નેત્ર અર્થાત્ દિવ્યનેત્રધારી છે. મીનાક્ષી–મહાદેવની આખ્યાયિકામાં સાંખ્ય–યોગની કલ્પના ભાસે છે. મીનાક્ષી અર્થાત્ પ્રકૃતિ સર્વ ઉપર વિજય મેળવે, કેમ કે તે મૂળશક્તિ છે, પણ પરમપુરુષને જીતી ન શકે; તેને તો તે અધીન જ બને, એ મર્મ મીનાક્ષીના વિશ્વવિજય અને છેવટે મહાદેવથી જિતાતાં તેને વરવામાં રહેલો છે. મહાદેવ તાંડવનૃત્ય કરે છે, એટલે કે પુરુષમાત્ર પ્રકૃતિરૂપ સ્ત્રીના સન્નિધાનમાં રોમાંચ અનુભવે છે. તેમાંથી જ સર્જન થાય છે. પરમપુરુષે સર્જન કરવું હોય તો પ્રકૃતિના સન્નિધાનમાં રોમાંચિત થયે જ છૂટકો અને તો જ સર્જન થાય. પૌરુષેય બળકૌશળ જોઈ સ્ત્રી–પ્રકૃતિ તેને વશ થાય. આ પરાજય અને સંવનન એ એક પ્રકારનો દામ્પત્યક્ષોભ છે. વિષ્ણુ મીનાક્ષી–મહાદેવનાં લગ્ન કરાવે છે, કેમ કે વિષ્ણુનું કાર્ય સૃષ્ટિ પેદા થયા પછી તેને નભાવવાનું–પાલન કરવાનું છે. લગ્ન ન થાય તો સૃષ્ટિ કેવી અને તે વિના પાલન કેવું ?

'વ્યક્તિપરિચય'માં કુલ આઠ રેખાચિત્રો છે. કાકા કાલેલકર અને તુલજારામ ટોકર એ બે બાદ કરતાં બાકી બધાં સદ્ગત વ્યક્તિઓને લગતાં છે. તેમાંથી વેણીરામ મારવાડી, સન્મિત્ર કર્પૂરવિજયજી, શ્રીયુત કુંવરજીભાઈ અને શ્રીયુત વ્રજલાલ મેઘાણી એ ચારના પરિચયમાં હું આવેલો. સન્મિત્ર કર્પૂરવિજયજીનો પરિચય ઠીક ઠીક થયેલો. કુંવરજીભાઈનો પરિચય પણ અનેક રીતે વધેલો. તેમની સાથે અને તેમને ત્યાં પણ રહેલો. કલાકોના કલાકો લગી તેમની સાથે અનેક વિષયોમાં રાતના બાર બાર વાગ્યા સુધી મીઠી ચર્ચાઓ ચાલતી. તેમનું કૌટુંબિક અને સામાજિક જીવન જોવાની તકો પણ સાંપડેલી. શ્રીયુત મેઘાણીના નિકટ પરિચયમાં આવવાનું અનેક રીતે બન્યું હતું. તેમના મકાનમાં અને પડોશમાં સૂવા, રહેવા અને જમવાની સગવડ હતી; એટલે તેમની સાથે ધર્મ, તત્ત્વજ્ઞાન, સામાજિક સેવા અને સુધારા, ધાર્મિક રૂઢિઓથી મુક્તિ આદિ અનેક વિષયો ઉપર અમારી ચર્ચા ચાલતી. આ પરિચયજન્ય સંસ્કારો રાખી તે તે વ્યક્તિનાં રેખાચિત્રો તપાસું છું તો તે વિશે એટલું જ કહેવું પ્રાપ્ત થાય છે કે લેખકે લખાણના રસ કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વેગમાં આવી જઈને પરિચયપાત્ર વ્યક્તિના અંગત સંબંધ કે વિશિષ્ટ મોહમાં લેશ પણ તણાયા વિના તે તે વ્યક્તિનું તાદૃશ ચિત્ર રજૂ કરેલ છે.

પોતાના પિતા વિશે એક જાગ્રત વિચારશીલ પુત્ર તટસ્થભાવે કાંઈ લખે ત્યારે એમાં કોઈને કશું જ ઉમેરવાનો અધિકાર હોઈ શકે જ નહિ, ભલે અંગત સ્મરણો ગમે તેટલાં હોય. તેમ છતાં એ રેખાચિત્રમાંની એક–બે બાબતો તરફ વાંચકોનું લક્ષ જશે જ. પિતા–પુત્રની માત્ર જુદી જ નહિ, પણ કેટલેક અંશે વિરુદ્ધ એવી વિચાર–વર્તનસરણી અને તેમ છતાં એક બાજુ મોટું મન અને બીજી બાજુ વડીલો પ્રત્યે હાર્દિક બહુમાનની લાગણી. સાંકડું મન, અસહિષ્ણુતા અને ઉતાવળિયાપણું જેવાં તત્ત્વો અનેક કિસ્સાઓમાં પિતા–પુત્ર કે માતા–પુત્ર વચ્ચે મોટી દીવાલ ઊભી કરતાં હોય તે યુગમાં જો આવું પિતા–પુત્રનું સૌમનસ્ય જોવા મળે તો એવા કુટુંબને હરકોઈ પુણ્યશાળી જ લેખશે. બીજી બાબત તે પિતાનો પુત્રમાં વિકસિતરૂપે સંક્રાન્ત થયેલો વારસો.

મેઘાણીના પ્રથમ પ્રગટ થયેલ રેખાચિત્રે તે વખતે અશ્રુપાત કરાવેલો. આટલા વર્ષો પછી પણ એના વાચને હૃદયને ગદ્ગદ કરાવ્યું. એને હું રેખાચિત્રના આલેખનની સફળ કસોટી સમજું છું. એ રેખાચિત્રમાં સંસ્કારસંપન્ન એવા કરુણાપૂર્ણ મિત્રની વિદાયવ્યથા કરુણકાવ્યરૂપે વ્યક્ત થઈ છે, જે સહૃદય–નેત્રને ભીંજવ્યા વિના ભાગ્યે જ રહે. કાકાસાહેબ તો હવે કોઈથી અવિદિત નથી. એટલે જિજ્ઞાસુ વાચકો એવી અભિલાષા સેવશે કે એ જ ફળદ્રુપ લેખિનીથી કાકાહેબનું વિસ્તૃત રેખાચિત્ર આલેખાય. તુળજારામ ટોકરનું વ્યક્તિત્વ એક જુદી જ ભાત પાડે છે. એમાં ચોકસાઈ અને સાવધાની છે, પણ દૂધનો દાઝ્યો દહીં ફૂંકે એ વૃત્તિ પણ એમાં દેખા દે છે. પરંતુ લેખકે બધા જ વિરોધી ભાવોને એવો ઉઠાવ આપ્યો છે કે એ વાંચવું ગમે અને કાંઈક શીખવાનું પણ મળે.

'સમાજદર્શન' માં ૧૫ લેખો છે. દ્યૂતપ્રતિષ્ઠાના મથાળા નીચે સટ્ટાવૃત્તિની સમાલોચના છે. દ્યૂતવૃત્તિ તે શું, કેવા સંજોગોમાં તે જન્મ લે છે અને વિકસે છે, તે કેવાં કેવાં રૂપો ધારણ કરે છે, તેનાં માઠાં પરિણામો ઇતિહાસે કેવાં નોંધ્યાં છે, સંતપુરુષોએ દ્યૂતના ત્યાગને ધર્મમાં કેવું સ્થાન આપ્યું છે, સમાજ ઉપર દ્યૂતત્યાગની કેવી પ્રતિષ્ઠિત છાપ છે, અને છતાં નવનવરૂપે જુગારના વટવૃક્ષની વડવાઈઓ ફૂટતાં વર્તમાનયુગમાં સટ્ટાએ કેવું કરાળ–વિકરાળ રૂપ ધારણ કર્યું છે, વગેરે અનેક બાબતોનું દરેલ અને વિશદ વર્ણન એક અભ્યા–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પકની શ્રદ્ધાથી તેમ જ સ્વસ્થતાની ખુમારીથી થયું હોય તેમ લાગે છે. વ્યાપાર અને સદ્વૃત્તિની વચ્ચે શું સામ્ય-વૈષમ્ય છે, બન્નેમાં કયાં તત્ત્વોનું મિશ્રણ છે, બન્નેની સીમાઓ ક્યાં જુદી પડે છે, અને છેવટે સદ્‌ની વ્યાખ્યા શી, વગેરે વિશે આટલું સુરેખ નિરૂપણ વ્યાપારક્ષેત્ર બહારના કોઈ પણ વિદ્વાન સુધ્ધાંને હાથે થવું શક્ય નથી. એ નિરૂપણમાં વ્યાપારી વર્તુલનો જાગતો અનુભવ, માનસિક ઉત્થાન-પતનનું નિરીક્ષણ સ્પષ્ટ તરી આવે છે. સદ્વૃત્તિને રાજ્યના ટેકા ઉપરાંત ધર્મગુરુઓનો અને ત્યાગીવર્ગનો કેવો ટેકો છે, શ્રમ વિના થોડા જ વખતમાં ધનિક થઈ જવાની લાલસાને લીધે એ વૃત્તિએ શહેર અને ગામડાંને કેવી રીતે એકસરખાં ગ્રસ્યાં છે, અને વડીલોની સદ્વૃત્તિ સંતતિ ઉપર કેવી કેવી અસર નિપજાવે છે, એ બધું જાતે અનુભવાતું લેખમાં એવી સુસંગત રીતે અંકિત થયું છે કે તે વાચકના મનને વશ કરી લે છે.

બીજો લેખ વર્ણસંકર વિશેનો છે. સામાન્યમાંથી વિશેષમાં અને વિશેષમાંથી સામાન્યમાં જવું એ કુશળ લેખકની કળા છે. વર્ણસંકરના સામાન્ય તત્ત્વમાંથી અહીં લેખક વિશેષમાં ઊતરે છે, અને વિશેષ એટલે જે પોતાને અને પોતાના સમાજને અતિપરિચિત છે તે. તેથી લેખકે વૈશ્યત્વ અને જૈનત્વ એ બન્ને છેડાનું ખરું સ્વરૂપ રજૂ કર્યું છે. વૈશ્યત્વ એ કુળ, સંસ્કાર અને જીવનની સ્થૂળ બાજુ છે; જૈનત્વ એ સમજણ અને સત્પુરુષાર્થની સૂક્ષ્મ અંતર બાજુ છે. એ બન્નેનો ચિતાર લેખકે પોતાને સુપરિચિત એવી સરખામણીની પદ્ધતિએ કરાવ્યો છે, અને એ બન્ને સામસામા છેડાનું હાનિકારક સાંકર્ય લાભમાં કેમ પરિણમે એ દૃષ્ટિએ નિરૂપણ કર્યું છે.

यद्यपि शुद्धं लोकविरुद्धम्: કંચન અને ઑલિવર નિમિત્તે લખાયેલો આ લેખ સમાજ, ધર્મ, કેળવણી અને માનસશાસ્ત્ર જેવાં અનેક તત્ત્વોને સ્પર્શે છે. એની શૈલી એક ખળખળ વહેતા ઝરાની પેઠે સરેરાટ ચાલી જાય છે. લોકમર્યાદાનું અનુસરણ અને સત્યનું અનુસરણ એ બે કયાં સુધી સાથે ચાલી શકે અને કયાંથી જુદા પડે, તેમ જ એકમેક સામે વિરુદ્ધ બની મોરચો ઊભો કરે તે પ્રશ્ન માત્ર સામાજિક નથી; ધાર્મિક, આર્થિક અને આધ્યાત્મિક પણ છે. પણ આવી અથડામણોમાંથી જ સત્યલક્ષી માનસ ફૂટી નીકળે છે ને સમાજ કાયાપલટ કરે છે. આ વસ્તુ પ્રસ્તુત લેખ યોગ્ય રીતે દર્શાવી આપે છે. એ ભવભૂતિના વાક્ય—

> व्यतिषजति पदार्थानान्तरः कोऽपि हेतुः ।
> न खलु बहिरुपाधीन्प्रीतयः संश्रयन्ते ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાથે યુવક–માનસનું વિજાતીય પરસ્પર આકર્ષણ જે રીતે (પૃ.૨૬) આલેખાયું છે તે એક ગદ્યકાવ્ય બની રહે છે.

સામાજિક એકતા અને વ્યક્તિસ્વાતંત્ર્યની મર્યાદાઓ એ વિષય ચર્ચતાં વિકસિત અને જાગ્રત સમાજમાં સૌ કોઈ વ્યક્તિ એક જ વિચાર તથા આચારની હોય તે શક્ય નથી અને શક્ય હોય તોપણ પ્રગતિની દૃષ્ટિએ ઇષ્ટ નથી, એમ પ્રતિપાદન કરીને સરમુખત્યારશાહી ઇટાલી, જર્મની યા રશિયામાંનું એકતાસૂચક તંત્ર કેવું પોલું અને ભયપ્રેરિત હતું યા છે તેનું ચિત્ર લેખકે યથાવત્ દોર્યું છે. ઘણી વાર નાતજાતની કટ્ટર દેખાતી એકતામાં વિરોધી બળો અંદરખાનેથી કામ કરતાં હોય છે ને વખત આવતાં તે ફૂટી નીકળે છે. એકતા અને વ્યક્તિસ્વાતંત્ર્ય એ બે વચ્ચે વિરોધ કેમ છે, બન્નેનો ઉદ્દેશ સામાજિક પ્રગતિ હોવા છતાં બન્ને અરસપરસ કેમ અથડાય છે, તેનું વિશ્લેષણ તાદૃશ છે અને એ બન્ને તત્ત્વો કેવી રીતે મર્યાદા સ્વીકારે તો સાથે રહી શકે અને પ્રગતિસાધક બની શકે એ સરસ રીતે દર્શાવ્યું છે. પક્ષ–પ્રતિપક્ષ કેમ બંધાય છે, કેમ પોષાય છે ને પરસ્પર ઘાતક કેમ બને છે, તેનું વિશ્લેષણ એ નયવાદનું વિશ્લેષણ છે. 'अन्योन्यपक्षप्रतिपक्षभावात्' એ આચાર્ય હેમચંદ્રની ઉક્તિનું લેખકે ભાષ્ય કર્યું છે. 'વર્તન કરતાં પણ વાણીનો ઘા માણસને વધારે આકરો લાગે છે. આપણી વાણીમાં સત્ય જોઈએ, પણ સાથોસાથ બને તેટલી મૃદુતા અને નમ્રતા જોઈએ.'—લેખકની આ ઉક્તિ તેમના પોતામાં જ મૂર્ત થયેલી પરિચિતો જાણે છે.

પૃ. ૩૪થી એકથી છ સુધી જે મુદ્દા ચર્ચ્યા છે ને નિયમો દર્શાવ્યા છે તે ઓછી સમજણ ને સાભિમાન વલણ તેમ જ વધારે સમજણ ને નિરભિમાન વલણ એ બે વૃત્તિઓનો ખુલાસો છે. અહીં વૈયક્તિક અને સામૂહિક માનસનું એક એવું વિશ્લેષણ છે કે જે નયવાદ અને અનેકાન્ત-દૃષ્ટિનું સ્પષ્ટીકરણ કરે છે. જે વાત અત્યાર લગી તત્ત્વજ્ઞાન અને ધર્મમાં ચર્ચાતી આવી છે તેને સમાજ પરત્વે પણ લાગુ કરાયેલી હોઈ જીવંત બની છે.

જૈન ધર્મમાં સ્ત્રીઓને સ્થાન :

પાંત્રીશ વર્ષ પહેલાં લખાયેલ આ લેખમાં પણ તુલનાનું તત્ત્વ આકર્ષક છે અને દૃષ્ટિબિન્દુ ચોખ્ખું રજૂ થાય છે. જૈન દર્શનની તાત્ત્વિક માન્યતા બરાબર રજૂ થઈ છે. કથાસાહિત્ય ઉપરથી અને સમાજમાં વર્તતી ભાવના ઉપરથી તેમ જ કેટલાંક સતી વિશેના જૈન ખ્યાલોથી જૈન દૃષ્ટિબિન્દુનું મૂલ્યાંકન હિંદુ દૃષ્ટિ કરતાં ચડિયાતું લાગે છે. તેમ છતાં લેખકે એ જૈનદૃષ્ટિથી વ્યવહારમાં ચ્યુત થયેલ જૈન સમાજનું ચિત્ર પણ દોર્યું છે. દર્શન અને ધર્મની ભાવનાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાજ જુદી રીતે વર્તે ત્યારે તેના ઉપર અન્ય બળોનો પ્રભાવ હોય જ છે. જૈન સમાજ ઉપર પણ વૈદિક અને સ્માર્ત સમાજનાં બળોનો પ્રભાવ બહુ છે.

દીક્ષાનો કૂટ પ્રશ્ન :

સાધુવૃંદ વિશે નિર્માલ્ય અને બુદ્ધિજડ જેવાં વિશેષણો વાંચીને કેટલાકને ક્ષોભ થાય, પણ એવા જ ભાઈઓ જો બરાબર નિરીક્ષણ કરશે તો એ કથન સત્ય લાગવાનું. વળી દીક્ષા એ ધાર્મિક—આધ્યાત્મિક હોવા ઉપરાંત સામાજિક પણ છે. એટલે એની સાથે સામાજિક હિતાહિતનો સવાલ વિચાર્યા વિના ન ચાલે. છેવટે તો દીક્ષિત સમાજાશ્રિત જ છે. સમાજના પડઘા નબળા દીક્ષિત ઉપર પડે જ છે અને સબળ દીક્ષિત સમાજને ચડાવે પણ છે. તેથી લેખકનું આ દૃષ્ટિબિંદુ દીક્ષાના પ્રસંગમાં વિચારવા જેવું છે. આ પછીના સાતમા અને આઠમા નંબરવાળા બન્ને લેખો ('બાળદીક્ષા' અને 'હજી પણ અયોગ્ય દીક્ષા') દીક્ષાને લગતા જ છે. બાળદીક્ષા અને અયોગ્ય દીક્ષા આપવાને કારણે પોતાની થયેલી અને થતી ફજેતી સામે આંખમીંચામણાં કરવા ન ઇચ્છનાર અને ખુલ્લા મને સત્ય વિશે વિચાર કરવા ઇચ્છનાર સાધુવર્ગ તેમ જ ઉપાસકવર્ગને આ લેખમાં ઘણું સત્ય અને શિવ જણાશે.

૯ થી ૧૪ સુધીના ૭ લેખો જુદી જુદી રીતે પણ જૈન સમાજની સ્પૃશ્યાસ્પૃશ્યતાની ભાવનાને જ સ્પર્શે છે, અને તે ભાવનાથી નીપજતાં અનિષ્ટ પરિણામો તરફ સમાજને સાવધાન કરે છે, ને સાથે જૈન દર્શન તેમ જ ધર્મની યથાર્થ ભૂમિકાનું નિરૂપણ કરે છે,

દેવદ્રવ્યનો ઉપયોગ :

આ લેખમાં દેવદ્રવ્યના પ્રશ્નને સ્પર્શતો અનેક દૃષ્ટિએ વિચાર રજૂ થયો છે, જે બધા જ સમજદારને માટે એકસરખો ઉપયોગી છે. દેવદ્રવ્યનો પ્રશ્ન અત્યાર લગીમાં એટલો બધો વધારે ને વિવિધ રીતે ચર્ચાયો છે કે તે બાબત આ લેખ વાંચી જવાની ભલામણ કરવા ઉપરાંત કાંઈ વિશેષ કહેવાપણું રહેતું નથી. હા, લેખકના સર્વકલ્યાણકાંક્ષી પણ કકળતા હૃદયમાંથી એક વેધક ઉક્તિ સરી પડી છે. આ રહી તે ઉક્તિ : " પણ અમારી કોઈ પણ ધાર્મિક સંસ્થાઓ સંબંધમાં આપણી સરકારે કશો જ કાયદો ન કરવો અને કોઈ કાયદો કરવામાં આવશે તો તેનો અમે પૂરી તાકાતથી સામનો કરીશું, એમ બોલવું અને વર્તવું તે આવેલી આઝાદીના ગર્ભમાં રહેલી સામાજિક ઉત્ક્રાન્તિની કસુવાવડ નોતરવા બરાબર છે.'

'તત્ત્વચર્ચા' વિભાગમાં ચાર લેખો છે. તેમાં મહત્ત્વાકાંક્ષા નામના લેખમાં તેનું તાત્ત્વિક અને વ્યાવહારિક સ્વરૂપ ચર્ચાયું છે. જ્યાં લગી આધ્યા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્મિક શુદ્ધિ હોય ત્યાં લગી મહત્ત્વાકાંક્ષા જુદી અને શુદ્ધિ ઘટતાં કે વિકૃત થતાં મહત્ત્વાકાંક્ષા બદલાઈ રાક્ષસી રૂપ ધારણ કરવાની. સમાજ અને દેશમાં આ બન્ને ક્રિયાઓ દેખાય છે. તેનું તત્ત્વ લેખકે નિરૂપ્યું છે. અહિંસાની અધૂરી સમજણવાળા બીજા લેખમાં અહિંસાનું તાત્ત્વિક સ્વરૂપ રજૂ કરવામાં આવ્યું છે. એની ખોટી સમજણને લીધે એના પ્રત્યે સેવાતી નફરત અને એની અનુપયોગિતાની શંકા એ બન્નેને આ લેખ નિવારે છે. ગાંધીજીના વિચાર અને આચારે જે વસ્તુનું સ્પષ્ટીકરણ કર્યું છે તે જ અહિંસાના સિદ્ધાન્તનું આ લેખ સજીવ ભાષ્ય બની રહે છે. લેખક જન્મે સામ્પ્રદાયિક અહિંસાવાદી હોવા છતાં એનું તત્ત્વ એમને ગાંધીજીના દાખલા વિના આવું સ્પષ્ટ થયું ન જ હોત. જૈન સમાજ અને સાધુઓની જે સમીક્ષા કરી છે તે તો માત્ર પરિચિત કથા જ છે, પણ ખરી રીતે બૌદ્ધ, વૈદિક આદિ બધી જ ધર્મસંસ્થાઓ વિકૃત અહિંસાના રોગથી જ ગ્રસ્ત છે.

ચરણસ્પર્શ :

ચરણસ્પર્શ અને વંદનવિધિ—એ પ્રકારો જે દેશકાળમાં અસ્તિત્વમાં આવ્યા તે જ સાવ બદલાઈ ગયા છે. ગુરુને માત્ર વેશથી ઓળખી વંદન કરો તો નગુણા અને ઘણીવાર દુષ્ટ એવા નામધારીઓ પણ વંદાય છે; જ્યારે કેટલીક વાર તે તે ગુણમાં અસાધારણ એવા પંથવેશ વિનાના પુરુષોને સંપ્રદાય વિધિએ નમતો માણસ સંપ્રદાય દ્વારા નિંદાય પણ છે કે શું એવા સંસારીઓને તમે વન્દન કરો છો? એટલે આ વિવિધ સ્વરૂપી વિશ્વમાં બુદ્ધિથી ગુણ પારખી તેની યોગ્ય પ્રતિપત્તિ કરવી એટલું જ બસ છે. જૈન ગૃહસ્થ બૌદ્ધ કે બીજા ગૃહસ્થ સંન્યાસીઓને જૈન વિધિ અનુસાર વંદે તો જૈનો એને નાસ્તિક કહેવાના. ખુદ જૈન ફિરકામાં પણ એક ફિરકાના સાધુને બીજા ફિરકાનો ગૃહસ્થ નહિ વંદે કે નહિ નમે. આ રીતે ચરણસ્પર્શ અને વંદન આદિ પ્રકારો યોગ્યતાની કદર કરતાં રોકે છે અને એકબીજા વચ્ચે માનની દીવાલો ઊભી કરે છે. તેથી પ્રસ્તુત લેખ બહુ સમયોચિત છે.

આ વિભાગના ચોથા લેખમાં નૈતિક અપકર્ષનું પરિણામ શું હોય અને શું ન હોય એની જે ચર્ચા છે તે વિજ્ઞાનસંમત અને શાસ્ત્રસંમત પણ છે. ઘણીવાર માણસને સાવધ કરવા કોઈ અનિષ્ટ ઘટના તેના દોષને કારણે બની એમ કહી તેને ઉપદેશ કરવામાં આવે છે, પણ તેથી એ બન્ને વચ્ચે કાર્યકારણભાવ ફલિત નથી થતો. ભૌતિક દુર્ઘટના સ્વકારણે બને, પણ એનાથી ઉપજાવાતો ભય એ કદાચ નૈતિક વલણમાં ઉપયોગી થાય ખરો. ' ત્યાં ખવીસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય છે' એવો ભય ઉપજાવી છોકરાને અમુક રસ્તે જતાં રોકીએ ને કાંઈક લાભ થાય તો એનું કારણ ખવીસ નહિ પણ તજ્જન્ય ભય છે; કાંઈ નુકસાન થાય તોપણ એનું કારણ ખવીસ નહિ, પણ ભય છે. આસક્તિ ટાળવા અનિત્યત્વની અને અશુચિત્વની ભાવના સેવીએ તો એનો અર્થ એ નહિ કે અનિત્યત્વ અને અશુચિત્વ એ અનાસક્તિનું કારણ છે. અનિત્યત્વ અને અશુચિત્વ હોવા છતાં, અને એની જાણ હોવા છતાં, ઘણીવાર આસક્તિ થાય છે. તેથી પ્રસ્તુત લેખ કાર્યકારણભાવની ભ્રાન્ત કલ્પના નિવારી તેનું સાચું પાસું રજૂ કરે છે.

પ્રકૃતિ ત્રિલોકિમંડપમાં ત્રિગુણાત્મક રાસ રમ્યા જ કરે છે. સમુદ્ર-પર્વત, સૂર્ય-ચંદ્ર, ગ્રહ-નક્ષત્રોના અલંકાર ધારણ કરી, વિધવિધ લતા-કુંજ, વનરાજિ અને કુસુમકલિકાની વેશભૂષાથી વિભૂષિત થઈ એ નટી કાળપટ ઉપર નિયમિત-પણે ફરતા ઋતુચક્ર દ્વારા સૌમ્ય અને રુદ્ર, કોમળ અને પ્રચંડ નૃત્ય કરતી જ રહે છે. પક્ષીઓના કલરવ અને કૂજન દ્વારા, પશુઓના આરાવ અને વિરાવ દ્વારા તેમ જ મનુષ્યોના આલાપ-સંલાપ અને વિલાપ દ્વારા એ નટી રસવાહી સંગીત રેલાવતી જ રહે છે. છતાં એની લીલામાં સદા વિલસતા લાવણ્યનું પાન કરે એવી કળા-ઇન્દ્રિય ધરાવનાર તો વિરલા જ હોય છે. એ લીલાને તટસ્થપણે પેખનાર, પરમપુરુષની શિવમૂર્તિનું સંવેદન કરનાર તો એથીયે બહુ ઓછા હોય છે. પણ વિરલ ક્ષણોમાં થયેલ સૌન્દર્યની ઝાંખી અને એ મંગળમૂર્તિનું સંવેદન જ્યારે આવી કોઈ વ્યક્તિ વૈખરી વાણીમાં વ્યક્ત કરે છે ત્યારે એ સત્ય, શિવ અને સુંદર બની રહે છે. પ્રસ્તુત લેખસંગ્રહના નાના કલેવરમાં એવી જ કોઈ વાણીનો પરિચય—ભવ્ય સંવેદનનું દર્શન—મારી પેઠે વાચકોને પણ અલ્પાધિક અંશે થશે જ.*

* શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાના પુસ્તક 'સત્યં શિવં સુન્દરમ્'નું પુરોવચન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org